Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# મહાત્મા ગાંધી અને મહિલા સશક્તિકરણ

ડૉ. વસંત પટેલ
એસોસીએટ પ્રોફેસર, અનુસ્નાતક ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-388120 મોઃ 9624556654

ગાંધીજી બાળપણમાં શરમાળ અને ડરપોક હતા. એકવાર કોઇ વાતે એમને ડર લાગ્યો ત્યારે એમની કામવાળી બાઇ રંભાબાઇએ ગાંધીજીને સમજાવ્યું કે, આપણે ડરવું નહીં, આપણી સાથે હંમેશા રામ રહે છે. એટલે રામનામનું સ્મરણ કરવું.આ વાત ગાંધીજીએ હૈયે લખી લીધી તે છેવટ સુધી રહી. ગાંધીજીના પિતાજીએ ખરીદેલું પુસ્તક 'શ્રવણપિતૃભક્તિનાટક' ગાંધીજીએ બાળપણમાં વાંચ્યુ ને એમના મનમાં થયું કે મારે પણ શ્રવણ જેવા થવું.

આ જ અરસામાં ગામમાં નાટક કંપની આવેલી ત્યારે હરિશ્ચંદ્રનું આખ્યાન ભજવાતું, એ નાટક જોવા ગાંધીજી ગયા હતા. એમને હરિશ્ચંદ્રના સ્વપ્ના આવતા. એમને થતું કે બધા હરિશ્ચંદ્રના જેવા કાં ન થાય? હરિશ્ચંદ્રના દુઃખ જોઇને ગાંધીજીના બાળમાનસમાં થતું કે નાટકમાં લખેલી તેવી જ વિપદાઓ હરિશ્ચંદ્રને પડી હશે. હરિશ્ચંદ્રનું સ્મરણ કરી એના દુઃખ જોઇ, ગાંધીજી બાળપણમાં ખૂબ રોતા, આમ, ગાંધીજીના બાળમાનસમાં શ્રવણ અને હરિશ્ચંદ્રની અમિટ છાપ પડી.

બાળવિવાહઃ

ગાંધીજીના લગ્ન 13 વર્ષની ઉંમરે થયા હતા. પોતાની આત્મકથામાં ગાંધીજી લખે છે કે, આજે મારી આગળ બાર-તેર વરસના બાળકો ફરે છે. તેમને જોઉં છું ને મારા વિવાહનું હું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા આવે છે.[1] ગાંધીજી બાળલગ્નના વિરોધી હતા.

❖ દામ્પત્યજીવનઃ

શરૂઆતમાં ગાંધીજી લગ્નના વિરોધી હતા "મારી સ્ત્રી મારી રજા વિના ક્યાંય જાય નહીં "એવો દાબ કસ્તુરબાઇ પર રાખ્યો પછી આજ વાત એમના ઝઘડાનું કારણ બનતી.

કસ્તુરબા આવી કેદ સહન કરે એમ હતું જ નહીં. એમની ઇચ્છામાં આવે ત્યારે જરૂર એ ગાંધીજીને પૂછ્યા વિના જતા. ગાંધીજી જેમ વધારે દાબ મૂકે તેમ કસ્તુરબા વધારે છૂટ લેતા. અને ગાંધીજી વધારે ચિડાતા. આથી ગાંધીજી અને કસ્તુબા વચ્ચે અબોલા એ સામાન્ય વસ્તુ થઇ પડી. પાછળથી ગાંધીજી સમજ્યા કે "કસ્તુરબાઇએ જે છૂટ લીધી હતી તે યોગ્ય જ હતી. જેના માનમાં પાપ નથી તે દેવ દર્શને કે કોઇને મળવા જાય એમાં પતિનો દાબ કેમ સહન કરે?

બાળવિવાહ હતા છતાં ગાંધીજીના ઘરસંસારમાં મીઠાશ હતી. ગાંધીજીની વકતાનું મૂળ પ્રેમમાં હતું. ગાંધીજીને પત્નીને આદર્શ સ્ત્રી બનાવવી હતી. "એ સ્વચ્છ થાય, સ્વચ્છ રહે, હું શીખું

એ શીખે, હું ભણું એ જાણે અને અમે બંને એકબીજામાં ઓતપ્રોત રહીએ. " એવી ભાવના ગાંધીજીની હતી. કસ્તુરબા નિરક્ષર હતા.

ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતાં કરતાં ગાંધીજીના મનમાં એક વસ્તુએ જડ ઘાલી- આ જગત નીતિ ઉપર નભેલું છે. અને નીતિ માત્રનો સમાવેશ સત્યમાં છે. સત્ય તો શોધવું જ રહ્યું. તે દિવસથી જ ગાંધીજીને સત્યનો મહિમા સમજાયો. સત્યની વ્યાખ્યા દિવસ-દિવસ વિસ્તાર પામતી ગઇ. આ સત્યની શોધે જ જગતને ગાંધીજી જેવા મહામાનવ હિંદુસ્તાને આપ્યા. અપકારનો બદલો અપકારથી નહીં પણ ઉપકાર જ હોઇ શકે. આ વાત ગાંધીજીની જિંદગીનું સૂત્ર બની ગઇ. એમણે અગણિત અખતરા કરી- સંશોધનો કરી, તપ કરી, જગતને જે પોતાના વિચારો આપ્યા છે તે વિશ્વને માટે એક રાજમાર્ગ છે.

❖ સ્ત્રી-કેળવણીઃ-

19મી સદીમા સ્ત્રીઓ ઉપર અનેક બંધનો હતા. બાળવિવાહ-બાળહત્યા- જેવી અનેક સમસ્યાઓથી સ્ત્રીઓ ઘેરાયેલી હતી. ત્યારે ગાંધીજીએ નારી ચેતના જગાવી. સ્ત્રીઓ જે સમાજનો અડધો હિસ્સો છે તેમને ન્યાય અપાવવાને દેશસેવામાં જોડી મહિલાઓમાં જાગૃતિ આણી તે અજોડ છે. સ્ત્રીઓમાં કેળવણી વિષે ગાંધીજીના વિચારો વેગથી ઉભરાઇ રહ્યા હતા. કહેતા કે, "બીજા કોઇના કરતાં આ બાબત મેં વધારે વિચાર્યું છે. હું દાવો કરું છું કે આવી ચળવળોથી સ્ત્રીઓની જેટલી જાગૃતિ થઇ છે તેટલી કોઇની નથી થઇ. આ આંદોલનો દ્વારા સ્ત્રી કેળવણી ચાલી રહી છે. બલ્કે સ્ત્રી કેળવણી ન ચાલી રહી હોત તો આ આંદોલન સંભવી ન શકે.

"થોડી સ્ત્રીઓ કર્વેના વિદ્યાપીઠની ગ્રેજ્યુએટો થાય તેમાં શું વળ્યું? તેથી કેળવણી નથી થવાની, સ્ત્રી અર્ધાંગના છે. એ સમજાય એમાં જ ખરી કેળવણી છે."

ગાંધીજી માનતા કે સ્ત્રી બાળકનું પોષણ કરનારી છે. તેની વિધાત્રી છે. તેની ઉપર બાળકના ચારિત્ર્યનો આધાર છે તે બાળ શિક્ષિકા છે તેથી તે પ્રજાની માતા છે. સ્ત્રી સ્વાતંત્ર્યનો માર્ગ શિક્ષણ દ્વારા નથી. પરંતુ પુરુષોની તેઓ પ્રત્યેની દૃષ્ટિમાં અને તદનુસાર થતા વર્તનમાં ફેરફાર કરવામાં છે. પ્રજાની સ્વતંત્રતા જાળવવી, ગઇ હોય તો એ પાછી મેળવવી એ ધર્મ છે. એ સ્ત્રીઓ ન જાણે, ન કબૂલે તો પ્રજાની રક્ષા અસંભવિત છે. મનુષ્યના સર્વ વ્યવહારોના દિશાદર્શક તરીકે ગાંધીજીનો વ્યક્તિગત જીવન અને સામાજિક જીવનમાં અમૂલ્ય ફાળો છે.

ગાંધીજી કહેતા કે, " સ્ત્રીઓ માટે શિક્ષણ જરૂરી છે. પણ તે સ્વાતંત્ર્યની પાછળ હોવું જોઇએ. આપણે સ્ત્રીવર્ગને તેના યોગ્ય સ્થાને પહોંચાડવાને માટે અક્ષરજ્ઞાનની વાટ ન જોવી જોઇએ. અક્ષરજ્ઞાન વગર પણ આપણી સ્ત્રીઓ પૃથ્વી ઉપરની કોઇ પણ સ્ત્રી જેટલી સંસ્કારી જણાઇ છે. ઉપાય મોટે ભાગે પતિઓના હાથમાં રહેલો છે. પ્રથમ કાર્ય તો જેટલી સ્ત્રીઓને આ અવનતિનું ભાન કરાવી શકાય એટલી સ્ત્રીઓને ભાન કરાવવાનું છે.

આ કાર્ય અક્ષર કેળવણીથી જ થઇ શકે, એમ માનારાઓમાંનો હું નથી. જ્યાં સુધી હિંદુસ્તાનની સ્ત્રીઓ એક રતિભાર પણ દબાયેલી રહેશે અથવા ઓછા હક્કો ભોગવતી હશે ત્યાં

સુધી હિંદુસ્તાનનો ખરો ઉદ્ધાર થવાનો નથી. હિંદના જે ભાગમાં પડદાનો રિવાજ છે ત્યાં સ્ત્રીઓ ઘણી જ દબાયેલી છે.

બિહારમાં ઘણી બહેનો ઊંચા કુળની હતી તેઓ પડદામાં રહેતી હતી. ગાંધીજી તેમને મળ્યા ત્યારે જેમ બહેન ભાઇની પાસે પડદો નથી રાખતી તેમ તેઓએ ગાંધીજીની સામે પડદો ન રાખ્યો. આ બહેનો ભણેલી ન હતી. ગાંધીજીએ કહ્યું કે, ચાલો બહાર બધા પુરુષો બેઠા છે ત્યાં જઇને બેસીએ.

તો એ સ્ત્રીઓએ પુરુષોની રજા ન હોવાની વાત કહી, અને પડદો પણ ન ગમતો હોવાની વાત ગાંધીજી પાસે કરીને આવા રિવાજો હોવાની વાત કરી અને પડદાના રિવાજને દૂર કરાવવા માટે ગાંધીજીને કહ્યું હતું. આ બાઇઓને અક્ષરજ્ઞાનની પૂર્વે પોતાની આ દશાનું ભાન થયુ હતું. આ સ્ત્રીઓએ આ રિવાજો તોડવા ગાંધીજીની મદદ માંગી હતી.

ગાંધીજી માનતા કે, સ્ત્રીજાતિની અવનતિ દૂર કરવામાં મહાભગીરથ પ્રયત્ન તો હિંદુશાસ્ત્રમાં સ્ત્રીઓને વિષે રહેલા આક્ષેપો દૂર કરવાનો છે. એ પ્રયત્ન કરવાને સારું આપણે સીતા, દમયંતી, અને દ્રૌપદીના જેવી પતિવ્રતા, સંયમી સ્ત્રીઓની જરૂર પડશે એ વેળા આ સતીઓને પૂજનારો હિંદુ સંસાર આધુનિક સ્ત્રીઓને પણ પૂજશે.

સ્ત્રીઓને હલકી ગણવાની જે પ્રથા પડેલી છે તેને જડમૂળતી ઉખેડવી જોઇએ. બીજી તરફથી વિષયાંધ થઇ આપણામાંના કેટલાક પુરુષો સ્ત્રીને ઢીંગલીદેવી ગણી તેની પૂજા કરે છે તે પૂજાદોષમાંથી પણ નીકળી જવું જોઇએ. જેમ શંકરને ઉમા, રામને સીતા, નળને દમયંતી વગેરે હતા, તેમ આપણી સ્ત્રીઓને પણ આપણી ગોષ્ઠીઓમાં ભાગ લેતી, આપણી સાથે વાદ-વિવાદ કરતી આપણા ઉદગારો સમજતી થાય અને આપણને શીતળતામય શાંતિ દેતી થશે. ત્યારે જ આપણો ઉદ્ધાર થશે.

ધર્મ સાચવવો એ તો સ્ત્રીઓના જ હાથમાં છે. સમાજનો પાયો ગૃહ છે અને ધર્મ ગૃહમાં કેળવવાનો છે. સ્ત્રીઓ જો ધર્મ ન પાળે તો પ્રજાનું સત્યાનાશ વળી જાય. ગાંધીજી સ્ત્રીઓને પવિત્ર થઇને ધર્મનું પાલન કરવાનું કહેતા.

હિંદુસ્તાનની માતાઓને મરદો પેદા કરવાનું કહેતા. જ્યાં સુધી મરદો પેદા ન થાય ત્યાં સુધી દેશનો ઉદ્ધાર અશક્ય છે.

પણ મરદો પેદા કેમ થાય?

જ્યારે સ્ત્રીઓના દિલમાં હિંમત આવે, ભક્તિ આવે, શ્રદ્ધા આવે, ઈશ્વર તેમના હૃદયનો પતિ બને અને તેઓ ઈશ્વરથી જ ડરતી થાય, મનુષ્યથી ડરતી બંધ થાય તો જ હિંદુસ્થાનમાં મર્દો પેદા થાય. જો રાવણરાજ્યને બંધ કરવું હશે તો રામરાજ્યને પેદા કરવું જોઇએ. પુરુષો સ્ત્રીઓને અબળા કહીને તેની પ્રતિષ્ઠા ઓછી કરે છે. અબળા વિશેષણ આત્માને વિષે તો લાગુ ન જ પડે. એ તો શરીરને લાગુ પડે છે. એક બાલિકા જેનો આત્મા ઉજ્જવલ છે ને જેને તેનું

ભાન થયું છે તે સાડા છ ફૂટ લાંબા ઉદ્ધત પુરુષની સમક્ષ ઊભી તેને મહાત કરી શકે છે. આવી સ્ત્રી અબળા કેમ કહેવાય?

સ્ત્રી પોતાના શરીરની નબળાઇ સ્વીકારી નબળી બની સ્ત્રી પોતાનું સ્ત્રીત્વ શોભાવી શકતી નથી. સીતા, દ્રૌપદી, આદિ સ્ત્રીઓએ પોતાનો પ્રભાવ દુષ્ટો પર પડયાનું આપણને શાસ્ત્ર શીખવે છે. જે સ્ત્રી જાતિએ હનુમાન જેવા વીરો પેદા કર્યા છે તે સ્ત્રીજાતિને અબળા કહેવામાં અજ્ઞાન રહ્યું છે. સ્ત્રીનું રક્ષણ કરી તેના આત્માનો વિકાસ થાય તેવા સાધનો તેના હાથમાં મૂકી તેની સેવા કરવાની છે.

❖ વિધવાવિવાહઃ

વિધવાવિવાહ વિષે ગાંધીજી માનતા કે, જો પચાસ વર્ષે નવ વર્ષની કુમારિકાને પરણાવવામાં બાધ ન ગણાય અને એવા વિવાહ કરનારને ન્યાત બહાર ન મૂકી શકાય, તો એવી કુમારિકા વિધવા થાય અને પુનર્લગ્ન કરે તો તેને ન્યાત બહાર મૂકવી અને એવી બીજી રીતે દંડવું એ પણ પાપ જ ગણાય.

વિધવાને સારું શિક્ષણ અને ધંધાનો સુંદર પ્રબંધ થવો જોઇએ. આવા સુધારા નારી સમાજ માટે થાય તો દરેક કુટુંબ, દરેક ન્યાત પોતાને સારું કરી શકે છે. પુરુષો પોતાની ફરજ બજાવે યા ન બજાવે. સ્ત્રીઓ પોતાના હક્ક કેમ સિદ્ધ ન કરે? સ્ત્રીઓને મતાધિકાર જરૂર મળવો જઇએ. પણ જે સ્ત્રીઓ પોતાના સામાન્ય હક્ક સમજતી નથી અથવા સમજતી હોવા છતાં તે હક્કો મેળવવા શક્તિ નથી ધરાવતી એ મતાધિકારને લઇને શું કરશે. સ્ત્રીઓ મતાધિકાર ભલે મેળવે, ભલે હિંદુસ્તાનની ધારાસભાઓમાં જાય પણ સ્ત્રીઓની પ્રથમ ફરજ પુરુષો તરફથી જાણ્યે કે અજાણ્યે થતા અત્યાચારોમાંથી બચી હિંદુસ્તાનને શોભાવવાની છે.

સુધારા કરવા એ સ્ત્રીઓનો હક્ક છે. એટલું જ નહીં પણ એ સ્ત્રીઓની પોતાના પ્રત્યે, પુરુષ પ્રત્યે અને હિંદુસ્તાન પ્રત્યે ફરજ છે. એ સ્ત્રીઓએ સમજવું જોઇએ.

❖ પતિત બહેનોઃ-

બારીસાલની પતિત બહેનોએ ગાંધીજીને કાગળ લખ્યો હતો. એ બહેનોની સંખ્યા લગભગ 350ની હશે. એ બહેનો ગાંધીજીને મળવા માંગતી હતી. એ બહેનોમાંથી લગભગ સો બહેનો ગાંધીજીને મળવા આવી હતી. એમાં કેટલીક બાળાઓ ચાર-પાંચ કે દશ વર્ષની હતી. મોટી ઉંમરની બહેનો હતી તે ભિક્ષા માગીને પેટ ભરતી હતી. બાકીની 20 થી 30 વર્ષની હતી. આ બહેનો પોતાનો ધંધો છોડવા માગતી હતી.

ગાંધીજીએ તેમને સમજાવતા કહ્યું, તમે જે હાલ કમાઓ છો તેટલી કમાણી કાંતવા માંથી તો તમે ન કરી શકો. પણ અનેક પ્રકારના લલચાવનારા વિલાસો હાલ કરો છો તે તો હવે તમારે છોડવા જ જોઇએ, હું કંઇ આ માગણી તમારી જ પાસે કરું છું એમ નથી. મારી સ્ત્રીએ પણ શણગારો તજ્યા છે. મારી પાસે કુમળી બાળાઓ છે તે પણ ખાદીની ઓઢણીઓ પહેરે છે. અને

કશા દાગીના પહેરતી નથી. આ બહેનો ગાંધીજીની વાત સાંભળી સાદું જીવન જીવવા તૈયાર થઇ અને ગાંધીજીને પોતાના ઉદ્ધારનો રસ્તો બતાવવા વિનવ્યા.

આમાંથી 11 બહેનો પોતાનો ધંધો છોડવા તરત જ તૈયાર થઇ. ગાંધીજી માનતા કે, આ બહેનો કાંઇ ઇરાદાપૂર્વક આ ધંધામાં નથી પડી, પોતાના વિષયભોગના અર્થે પુરુષોએ આવી સ્ત્રીઓ ઉપર ભારે અત્યાચાર કર્યો છે. એ મારી બહેન-દીકરીઓ છે જ. તેમને ઉઠાડવી એ મારું અને દરેક પુરુષનું કામ છે.

અન્ય બહેનોને પણ ગાંધીજી સલાહ આપતા કે, પતિત બહેનોના હૃદયમંદિરમાં તો તમારાથી જ પ્રવેશ થયા, તમે જ્યાં આવી બહેનોના ઉદ્ધારને માટે કમ્મર ન કસો ત્યાં સુધી મારા જેવાના પ્રયાસો પણ નિષ્ફળ જવાના છે.

સ્વરાજ્ય એટલે પતિતોનો ઉદ્ધાર.

એક બાળાને નિર્ભયપણે ખાદીની ટોપી વેચતી જોઇ ત્યારે ગાંધીજીને ખૂબ આનંદ થયો. તે બાળાને કોઇની બીક ન હતી. જો સ્ત્રીઓ બધી નિર્દોષ પ્રવૃત્તિઓમાં ભાગ લેતી નહીં થાય તો તેનું કારણ પુરુષોનો સ્વાર્થ અથવા સ્ત્રીનું અજ્ઞાન કે આળસ હોઇ શકે. સ્ત્રીને ઘરકામમાંથી નવરી જ ન થવા દે અથવા સ્ત્રી પોતાના શણગારમાંથી કે વાતોના રસમાંથી નવરી જ ન થાય.

❖ શિક્ષણઃ-

સ્ત્રીને ભણતર બાબતે ગાંધીજી કહેતા કે, હું એમ ઇચ્છું છું કે જ્યાં ગરીબ બહેનો ગંધાતી કોટડીમાં રહે છે ત્યાં જઇને કામ કરવાવાળી આપણામાંથી કેટલીક સ્ત્રીઓ નીકળે.

આપણી ગરીબ બહેનોને પોતે કેમ રહેવું પોતાનું અને બાળકોનું આરોગ્ય કેમ જાળવવું, બાળકોને કેમ ઉછેરવા, સ્વચ્છતા અને સંયમ કેમ રાખવું વગેરે બાબતોનો કશો ખ્યાલ હોતો નથી. આવી બહેનોને સારી રહેણીકરણીનું ભાન આપવાનું ખાસ અગત્ય છે. જો શિક્ષિત સ્ત્રીઓ કેવળ પુરુષની નકલ કરવાનું છોડી દઇ સ્ત્રીઓના મહાન પ્રશ્નોનો સ્વતંત્ર વિચાર કરે તો આપણે ઘણી ગૂંચવણો સહેલાઇથી ઉકેલી શકીએ.

શિક્ષિત સ્ત્રીઓ અશિક્ષિત સ્ત્રીઓનો સમાગમ નથી ઇચ્છતી. આ રોગ દૂર થવો જોઇએ.

સ્ત્રી વર્ગને પુરુષોની પાછળ ચાલવાની આવશ્યકતા નથી. સ્ત્રીમાં નવી ભાવનાઓ ઉત્પન્ન કરવાની અને તેને અમલમાં મૂકવાની જે શક્તિ રહેલી છે તેને વિકસાવવાની જરૂર છે.

જે બહેનોને પોતાની દશાનું ભાન નથી તેઓને, તમને જે મળ્યું છે તે એમને આપશો. સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, સાદો ખોરાક, કસરત વિગેરેના સ્થૂળ અને સૂક્ષ્મ લાભો જાણી અને અનુભવી લીધા હોય તો તે આ બહેનોને જણાવશો. આમ કરતાં તમારી પણ પ્રગતિ થશે અને અન્ય બહેનોનું જીવન-ધોરણ ઊંચું આવશે.

ગાંધીજી ઇચ્છતા કે, હિંદુસ્તાનની દરેક બહેનના હાથમાં રેંટિયો હોવો જોઇએ. અત્યારે સ્ત્રીઓને સૌથી મોટી જરૂર માત્ર રેંટિયાની છે. હિંદુસ્તાનના ભૂખમરાનો ઉપાય માત્ર રેંટિયો છે. માટે વધુને વધુ પ્રચાર રેંટિયાનો કરવો જોઇએ.

ત્રણ વસ્તુઓને એક સરખું સ્થાન મળવું જોઇએ. (1) અક્ષરજ્ઞાન (2) પતિત સ્ત્રીઓના ઉદ્ધાર અર્થે અને આરોગ્ય સંરક્ષણ, બાળ સંવર્ધન, અને બીજી અગત્યની બાબતોમાં જ્ઞાન ફેલાવવા માટે કેટલીક સ્ત્રીઓએ આપવો જોઇતો આત્મભોગ અને (3) રેંટિયાનો પ્રચાર.

આપણી સ્ત્રીઓ આપણા વિષયનું પાત્ર અને આપણી રસોયણ મટી આપણી સહચરી, આપણી અર્ધાંગના, આપણા સુખદુઃખની સહભાગી ન બને ત્યાં સુધી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય છે. કોઇ પોતાની સ્ત્રીને પશુ સમાન ગણે છે. આવા પુરુષોએ પોતાનું સ્ત્રીપરત્વેનું વલણ ફેરવવું પડશે. સ્ત્રીઓના ઉદ્ધાર બાબતે ગાંધીજીએ આંધ્રમાં આપેલા ભાષણ વિષેના જવાબમાં જાણીતા સમાજ સેવિકા ડોક્ટર મુથ્થુલક્ષ્મી રેડ્ડીએ સ્ત્રીનો શારીરિક વિકાસ, બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક સર્વે પ્રકારના વિકાસ બાબતે ગાંધીજીને સવિસ્તાર પત્ર લખ્યો હતો. તેના જવાબમાં ગાંધીજીએ ડૉ. રેડ્ડીને જણાવ્યું છે કે, મહાસભાના સભ્યો આ જવાબદારી ઉપાડે તેવી આશા રાખવાનો ડૉ. મુથ્થુલક્ષ્મીને પૂરેપૂરો અધિકાર છે. ઘણા મહાસભાવાદીઓ આ દિશામાં વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે પ્રયત્ન સારા પ્રમાણમાં કરી રહ્યા છે. ખરેખરી જરૂર તો કેળવણીની આખી પદ્ધતિને પલટાવી અને કરોડોની પ્રજાને અનુકૂળ આવે તે રીતે પદ્ધતિ ઘડવાની છે.

હિંદુસ્તાનમાં જે શિક્ષિત બહેનો છે તેમણે પશ્ચિમી સભ્યતાના શિખરેથી ભારત વર્ષના મેદાનોમાં ઊતરવું પડશે. સુધારાનું રચનાત્મક કાર્ય તો જે બહેનોએ વહેમનો ત્યાગ કર્યો છે અને અનિષ્ટનું ભાન જેમને થયેલું છે તેમણે જ કરવાનું છે.

બીજા એક બહેને ગાંધીજીને સ્ત્રી ઉપર થતા અત્યાચારો અને સમાજમાં સ્ત્રીઓનું સ્થાન બાબતે પત્ર લખ્યો હતો તેના જવાબમાં ગાંધીજીએ લખ્યું છે કે, પુરુષોના સ્ત્રીજાતિ ઉપરના અત્યાચારોથી લોહી ઉકાળવા માટે મારે કન્યા તરીકે જન્મવાની આવશ્યકતા નથી. મારા મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઇ જાતની અસમાનતા ન રાખવી જોઇએ. દીકરા અને દીકરી વચ્ચે કોઇ જાતનો ભેદભાવ ન હોવો જોઇએ. જેમ જેમ સ્ત્રીજાતિને શિક્ષણ દ્વારા પોતાની શક્તિનું ભાન થતું જશે તેમ તેમ તેની સાથે જે અસમાન વર્તન ચાલે છે તેનો વધારે ને વધારે ઉગ્ર વિરોધ થશે.

પક્ષપાતી કાયદાઓ બદલવાથી આ સ્થિતિમાં જુજ જ સુધારો થઇ શકે. બહેનોનું કર્તવ્ય આપણું વાતાવરણ શુદ્ધ રાખવાનું, આપણા નિશ્ચયોમાં દૃઢતા અને નિશ્ચલતા લાવવાનું, દિગ્મૂઢતાના દોષમાંથી બચવાનું, આપણી સભ્યતા અને સંસ્કૃતિના સર્વોત્તમ તત્ત્વને પોષવાનું અને તેમાંના દૂષણો દૂર કરવાનુ છે. આ કામ સીતા, સાવિત્રી, દમયંતી જેવી પ્રાતઃ સ્મરણીય સતીઓ જ જન્મ લઇ કરી શકે. માત્ર ધાંધલ અથવા આકર્ષણ શક્તિ કેળવવાથી થઇ શકે એમ નથી.

❖ ઘરેણાં-

ઘરેણાંને તો ગાંધીજી સ્ત્રીઓની ગુલામી જ સમજતા. કહેતા, "જે સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે. જે પોતે સ્વતંત્ર વિચારતી થઇ ગઇ છે, જેને દેશસેવા કરવી છે, જે સ્વરાજ યજ્ઞમાં ભાગ લઇ

રહી છે અથવા લેવા ઇચ્છે છે તે ઘરેણાં વિશેની પોતાની વિવેકબુદ્ધિ કેમ ન વાપરે? "વિચારવંતી સ્ત્રી વળી જે દેશસેવા કરવા ઇચ્છે છે તે તો કદી ઘરેણાંને ન અડકી શકે.

" જે દેશમાં હજારો માણસો ભૂખે મરતા હોય તો તે વખતે સોના-ચાંદીના દાગીના પહેરાય જ કેમ? " આવી ભાવના બહેનોમાં હોવી જોઇએ.

ગાંધીજી દક્ષિણ આફ્રિકા હતા ત્યારે ત્યાંના કાયદાઓ હિન્દીઓ માટે અન્યાયકર્તા બન્યા હતા. ત્યારે ગાંધીજીએ એવા કાયદાઓ સામે લડત આદરી હતી. યુનિયન સરકારે જ્યારે હિન્દી લગ્નોને પણ ગેરકાયદે ઠરાવવાનો કાયદો કર્યો ત્યારે ત્યાંના હિન્દીઓ છેડાઇ ગયા. કેમ કે આ લગ્ન સંબંધી કાયદાથી હિન્દુ પ્રજા અને ધર્મની પવિત્રતા પર દેખીતી રીતે જ હુમલો થયો હતો.

ગાંધીજી ત્યાં અગ્રેસર હતા. ગાંધીજીએ તમામ હિંદીઓને ભેગા કરી આવા કાયદાઓ સામે લડત ચલાવી, આમ સત્યાગ્રહનો આરંભ ઇ.સ. 1913ના સપ્ટેમ્બર માસમાં થયો. આ નવા કાયદાનું સ્વરૂપ એટલું નિંદ્ય અને અપમાનકારક હતું કે હિન્દી સ્ત્રીઓને પણ સત્યાગ્રહના આ યુદ્ધમાં જોડાવાની જરૂર પડી. પહેલા તો સત્યાગ્રહની લડાઇમાં માત્ર પુરુષો જ કેદમાં જતા. અને સ્ત્રીઓ માત્ર તેમને ધીરજ અને ઉત્તેજન આપતી. હવે તો સ્ત્રીઓને પણ જેલમાં જવાનો વારો આવ્યો.

પોતાના શિલના રક્ષણ માટે તેણે કમ્મર કસ્યા સિવાય આરો ન હતો. ગાંધીજી સ્ત્રીઓની સહાયને આવશ્યક સમજી, ભારે મહત્ત્વ આપતા હતા. આ સત્યાગ્રહની લડતમાં હિન્દી સ્ત્રીઓને પણ સામેલ કરી. તેઓ પોતાની આબરૂ અને દેશની પ્રતિષ્ઠા ખાતર તે આનંદથી જેલમાં જવા લાગી. તેમાં અનેક સ્ત્રીઓ ગર્ભવતી હતી. કેટલીક સ્ત્રીઓના નાના બાળકો દૂધ પીતા હતા. કેટલીક સ્ત્રીઓ પોતાના વહાલા બાળકને ઘેર મૂકીને કેદમાં ગઇ હતી. આ જેલમાં ગયેલી સ્ત્રીઓને અનેક પ્રકારના કષ્ટો આપવામાં આવતા. ઘણી બધી સ્ત્રીઓને ત્રણ-ત્રણ માસની સજા કરવામાં આવતી હતી. આ સ્ત્રીઓ જ્યારે જેલમાંથી બહાર નીકળી ત્યારે તેમની તંદુરસ્તી ઘણી જ બગડી ગઇ હતી.

વેલિયમ્મા નામની એક મદ્રાસી બાલિકા જેલમાંથી છૂટતાં જ મૃત્યુ પામી હતી. અને બીજી કેટલીક સ્ત્રીઓ મૃત્યુને ભેટવાની તૈયારી કરી રહી હતી. આ લડતમાં જેમ હિન્દી પુરુષોના અગ્રેસર ગાંધીજી હતા તેમ હિન્દી સ્ત્રીઓના અગ્રેસર કસ્તુરબા હતા. આ લડતમાં હિન્દી સ્ત્રીઓએ જે કાર્ય કર્યું હતું તેનું સુંદર વર્ણન શ્રીમતી પોલાકે ઇંડિયન ઓપિનિયનમાં પ્રસિદ્ધ કરાવ્યું હતું. એમાં લખ્યું હતું કે, પાશ્ચાત્ય દેશોના લોકો સમજે છે કે હિન્દી સ્ત્રીઓ પડદામાં રહેનારી છે. તેમના વિચારો પ્રશસ્ત હોતા નથી. અને સાર્વજનિક કાર્યોમાં તેમને કોઇ રસ હોતો નથી. પરંતુ તેમને એ જાણીને અવશ્ય આશ્ચર્ય થયું હશે કે અનેક હિન્દી સ્ત્રીઓ જેમાં કેટલીક બહેનોને શીઘ્ર પ્રસવ થવાની તૈયારી હતી. તો કેટલીક બહેનોના ખોળામાં નાના બાળકો હતા. કેટલીક યુવતીઓ કુમારિકાઓ હતી. આ બધી બહેનો અનેક કઠિનાઇયો સહીને આ સત્યાગ્રહમાં જોડાઇ હતી.

આ લડતા અંતિમ પ્રયત્ન દ્વારા જે હિન્દી લોકોએ શાંતિ અનુભવી તેમાં સર્વ પ્રથમ નાતાલની થોડીક સ્ત્રીઓએ આગેવાની લીધી અને પોતાના પત્નીત્વને કાયદેસર ઠરાવવાને માટે જેલમાં જવાનું સ્વીકાર્યું હતું. કેટલીક સ્ત્રીઓ જોહાનિસબર્ગથી પણ આવી હતી. નાતાલથી જે સ્ત્રીઓ આવી હતી તે સર્વે પ્રતિષ્ઠિત અને સારા ઘરની હતી તે પગે ચાલીને વાલક્રસ્ટ સુધી પહોંચી હતી. ત્યાં તેમને પકડવામાં આવી હતી. અને સેંકડોની સંખ્યામાં ત્રણ મહિનાની કઠિન સજા ભોગવવાને જેલમાં મોકલી આપી હતી.

ટ્રાન્સવાલની સ્ત્રીઓ રસ્તામાં ખાણોમાં થતી આવી હતી અને રસ્તામાં સભાઓ ભરતી આવી હતી. સભાઓમાં તે પુરુષોને ઉપદેશ કરતી કે, "તમે લોકો કામ છોડી દો અને ગુલામોની માફક જીવતા રહેવા કરતા મરી જવાનું સ્વીકારો.

એ સ્ત્રીઓના કહેવાથી હજારો પુરુષોએ હડતાલ પાડી હતી. જો પ્રારંભમાં જ આ સ્ત્રીઓ પોતાની જાતિ અને દેશની મર્યાદાના રક્ષણ માટે આ લડત ન આદરી હોત તો તે કાર્ય કદાપિ થઇ શકત નહીં. ત્યાર પછી લગભગ છ અઠવાડિયા પછી ટ્રાન્સવાલની સ્ત્રીઓ હડતાલમાં જોડાવા નીકળી પડી. તેમને પણ પકડીને જેલ ભેગી કરવામાં આવી.

આ સ્ત્રીઓ જેલમાંથી છૂટી તેમાંથી થોડા દિવસોમાં જ બેને પ્રસવ થયો. લગભગ 20 વર્ષની એક બાલિકા મરી ગઇ અને એક મહિના સુધી મરણપથારી પર પડી રહી.

આખરે આ લડતથી ઉદ્દેશ પૂરો થયો.

આવી કર્તવ્યપારાયણ સ્ત્રીઓ વિષે શ્રીમતી પોલાક લખે છે કે, "આવી સ્ત્રીઓ થકી હિંદુસ્તાન ભલે ગૌરવ અનુભવી શકે છે. પરંતુ દક્ષિણ આફ્રિકાની હિન્દી સ્ત્રીઓએ ત્યાં પોતાના દેશના લોકોને ધૃણિત અને તુચ્છ સમજવામાં આવતા હતા તેમને ઉન્નત કરાવને માટે જે કાર્ય કર્યું. તેનાથી હિન્દને માટે અધિક ગૌરવશાળી બીજી કોઇ વાત નથી."

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ વિજય મેળવ્યો તે હિન્દના ઇતિહાસમાં સત્યાગ્રહનું આ યુદ્ધ, ગાંધીજીના અગ્રેસરપણા હેઠળ હિન્દીઓનો વિજય સુવર્ણાક્ષરે સદાને માટે અંકિત થયેલો રહેશે. ભારત વર્ષની ઉન્નતિને માટે સ્ત્રીઓની સહાયની ખાસ આવશ્યકતા છે એ વાત ગાંધીજીએ વારંવાર ભાર મૂકીને કહી છે. અને તેમને જાગૃત કરવા માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા છે. મહાસભા ગાંધીજીના નેતૃત્વ નીચે આવ્યા પછી વધારે મહત્વનું પરિવર્તન એ થયું કે મહાસભામાં ભાષણો જે અંગ્રેજીમાં જ થતા તેને ફેરવીને સ્વભાષામાં ભાષણો થવા લાગ્યા. તેથી હિંદના ખૂણે ખૂણામાં પુરુષો-સ્ત્રીઓ, બાળકો અને અભણ વર્ગ પણ મહાસભા શું છે તે સમજવા લાગ્યા.

43 વર્ષ સુધી થયેલા કામનું સિંહાવલોકન ગાંધીજીએ કર્યું. તેમને જણાવ્યું કે આ કાર્યો માત્ર પુરુષ વર્ગે જ કર્યું છે. પુરુષનું અર્ધાંગ ગણાતી સ્ત્રીઓ સભાઓમાં ક્યાંય દેખાતી ન હતી. અપવાદ તરીકે વિદેશી છતાં હિંદને જ પોતાનો દેશ ગણી રહેલા આર્યલેન્ડવાસી મૈયા એની બેસન્ટ અને હિંદનું બુલબુલ દેવી સરોજિની નાયડુ સિવાય હિંદી મહિલાઓએ મહાસભામાં પુરુષોની બરોબરી જાહેર કાર્યક્રમોમાં ભાગ લીધો જણાતો ન હતો.

સન 1919ની કલકત્તાની મહાસભામાં સ્ત્રીઓને પણ જાહેર કાર્યક્રમોમાં ભાગ લેતી કરવાનું ઠરાવ્યાથી સન 1929ના વર્ષની લાહોરની મહાસભામાં સેંકડો સ્ત્રીઓએ સ્વયંસેવિકા તરીકે કામ કર્યું હતું. સ્વરાજ્યની લડત વખતે મહાત્માજીના ઉપદેશે જનતામાં અભૂતપૂર્વ જાગૃતિ આવી. જેના પરિણામે શ્રી વલ્લભભાઇ પટેલના નેતૃત્વ નીચે બારડોલી તાલુકામાં અભણ, ભોળી, નિશસ્ત્ર ગામઠી પણ ખેડૂત પ્રજાએ ગાંધીજીનું અહિંસાનું હથિયાર ધારણ કરી સત્યાગ્રહ આદર્યો.

નમક સત્યાગ્રહ વખતે ગાંધીજીને દાંડી-કૂચ જવા માટે વિદાય આપવા આવેલી માનવ મેદનીમાં એક હજાર સ્ત્રીઓએ સરઘસમાં ભાગ લીધો હતો.

દાંડીયાત્રા જંબુસરથી પ્રસ્થાન કરી આમોદ ગામે આવી ત્યારે તેમણે આ સત્યાગ્રહની લડતમાં હિંદુ, મસુલમાન, સ્ત્રી-પુરષોને જોડાવાની હાકલ કરી હતી. જંબુસરથી આમોદ સુધીની આ કૂચમાં શ્રીમતી કમલાદેવી ચટોપાધ્યાય પગે ચાલતા ચાલતા સાથે રહ્યા હતા. ગાંધીજીએ સ્ત્રીઓ માટે પણ ભવિષ્યમાં લડવાનું ઘણું ક્ષેત્ર મળશે. એમ જણાવ્યું હતું. આ લડતમાં ગાંધીજીએ કુમારિકાઓ પાસેથી પણ મદદ માંગી હતી. કહ્યું કે, "આ લડતમાં નાની છોકરીઓ પણ કામમાં આવી શકે છે. છોકરીઓના કાગળો મારી પાસે આવ્યા જ કરે છે, કે તમે અમને સાથે કેમ લઇ નથી જતા? સાથે લીધા હોત તો તમારી અમે લાકડી પણ બનત અને મીઠું બનાવતા બનાવતા જેલમાં પણ જાત. ગાંધીજીની સતત કાર્ય કરવાની હાકલે લોકોમાં અનેરો ઉત્સાહ પેદા થયો.

ગાંધીજી દારૂનિષેધની પ્રવૃત્તિમાં ભાગ લેવાની સલાહ સ્ત્રીઓને આપતા. ઉપરાંત રેંટિયા ઉપર પણ કામ કરવાનું જણાવતા. દારૂનિષેધની પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓને ભાગ લેવા માટે કહેતા કે, "મને આશા છે કે તમે દારૂડિયાનું રાજ્ય તો પસંદ નહીં જ કરો. રાજ્યમાં દારૂનો આટલો બધો વ્યાપાર ચાલે છે તે એક દોષ છે. અને તે આપણે દૂર કરવા માગીએ છીએ.

મીઠુબહેન પીટીટ ગાંધીજીના રંગે રંગાઇ લોકોને દારૂત્યાગ કરાવવાનું કામ કરતા હતા. ગામડે ગામડે ફરી નારી ચેતના જગાવવા બહેનોને હિંમત આપવા સભાઓ ભરતા. આગળના સુધારકોએ પ્રગતિનો દોર છોડ્યો ત્યાંથી ગાંધીજીના રાષ્ટ્રીય અસહકારના આંદોલને ઇ.સ. 1917માં સમગ્ર દેશમાં નારી ચેતનાને પણ ઝંઝોળી. હોમરુલ ચળવળમાં સેંકડો સ્ત્રીઓએ આત્મભોગ આપી ચળવળને મજબૂત બનાવી હતી.

ગુજરાત સભાએ ખેડાની લડતનું નેતૃત્વ સંભાળ્યું તેના પ્રમુખ ગાંધીજી હતા. આ વખતે ગાંધીજી ચંપારણની સત્યાગ્રહની લડતની દોર સંભાળી રહ્યા હતા. ખેડાની લડતમાં ગાંધીજી સાથે પૂ. કસ્તૂરબા, અને આનંદીબહેન હતા. શ્રીમતિ સરોજિની નાયડુએ બહેનોને હિંમતનો સંદેશ પાઠવ્યો હતો તો અમદાવાદથી અનસૂયાબહેન પણ આ જનચળવળમાં ભાગ લેવા પહોંચી આવ્યા હતા. કુંવરબેને આ લડતમાં પ્રેમ અને શૌર્યના ગીતો રચી ગાઇને પોતાનો ફાળો આપ્યો હતો. આ લડતમાં બહેનો ગામડે ગામડે ફરી વળી હતી. કસ્તૂરબા સત્યાગ્રહથી અજાણ્યા ન હતા.

દક્ષિણ આફ્રિકામાં ચલાવેલી લડતમાં મહિલાઓનો મોરચો કસ્તુરબાએ સંભાળ્યો હતો ને ત્રણ મહિનાની જેલ પણ વેઠી હતી.

તોરણા ગામની બહેનોના દરદાગીના, ઘરેણા વગેરે ઘરવખરીની ચીજો ને ડોરઢાંકર મામલતદારે જપ્તીમાં ઉપાડ્યા ત્યારે કસ્તુરબાથી રહેવાયું નહીં, તરત જ બહેનોને ભેગી કરી સભા ભરી. બહેનોમાં ચેતન ભરવા પ્રવચન આપ્યું.

આપણા પુરુષોએ સત્યની ખાતર જે લડત ઉપાડી છે તેમાં આપણે તેમનો ઉત્સાહ વધારવો જોઇએ. સરકાર જે કષ્ટ આપે તે સહન કરવું. જમીન, માલ જે કંઇ લઇ જવો હોય તે લઇ જવા દેવો. પણ પૈસા આપીને જૂઠા બનવું નહીં. દુઃખ ખમવું પણ પ્રતિજ્ઞા પરથી ખસી જવું ન જોઇએ. સરકારી નોકરથી ડરવું નહીં. ધીરજ રાખવી અને આપણા ભાઇઓ, પતિઓ અને છોકરાઓને હિંમત આપવી. "ગાંધીજીના પડછાયા રૂપ કસ્તુરબાએ જ્યારે ભાષણ આપ્યું ત્યારે ત્યાં હાજર રહેલ બહેનોનું હૈયું ભરાઇ આવ્યું કહ્યું, "તમે અમારા માટે આટલા બધા દુઃખ વેઠવા તૈયાર છો તો અમે શા માટે ડરીએ."

કસ્તુરબા, આનંદીબહેન, અનસૂયાબહેન વગેરે જ્યાં જ્યાં જતા ત્યાં તેમને જોવા સાંભળવા સ્ત્રીઓ કીડીની માફક ઉભરાતી. તો ખેડાના ખૂણે ખૂણે ફરી વળતા સ્વયંસેવકોના કાનમાં ગાંધીજીનો મંત્ર ગુંજતો હતો. " આ લડતમાં સ્ત્રીઓને સાથે રાખો. "

અવસર મળે પ્રજાને સાક્ષરતા, સ્વચ્છતા અને સ્વાતંત્ર્યના પાઠો ભણાવવાનું ચૂકતા નહીં. ગાંધીજીએ જગાવેલી નારી ચેતનાની મશાલ ઝળહળવા લાગી. સભાઓનું મંગલાચરણ હવે ખેડાની બાળાઓ હિંમતથી વ્યાસપીઠ પર ચડી વંદેમાતરમ્ ગાઇ કરવા લાગી. ખેડાની જનમેદનીસામે ગાંધીજીએ કહ્યું, "સ્ત્રીઓએ તો પતિઓ કેદમાં જાય તે નિમિત્તે જરૂર ઉજાણી કરવી જોઇએ જે સત્યાગ્રહ કરે તે પોતાને હાથે જુલમ નથી કરતો. " આ લડત દરમ્યાન રાજદ્વારી નેતાઓએ સમાજસુધારાને અત્યંત વેગ આપ્યો. ખેડાની ખેડૂત બહેનોના દિલમાં આ લડતે હક્કનું સ્વાતંત્ર્ય મેળવવાની આશા જગાડી.

મુંબઇ ખાતે ભરાયેલી જાહેર સભામાં, ખેડાની બહેનોએ આ લડતમાં સાથ આપ્યો હતો તે વિષે ગાંધીજી બોલ્યા " ખેડાની આ લડતમાં સ્ત્રીઓ પણ સામેલ થઇ તે લીધે ગામડાઓની સભામાં એક અલૌકિક દેખાવ થઇ રહે છે. બહેનો કહે છે કે, સરકાર ભલે અમારી ભેંસો લઇ જાય, દરદાગીના લઇ જાય, ખેતરો ખાલસા કરે પણ અમારા પુરુષવર્ગે લીધેલી પ્રતિજ્ઞા પાળવી જ જોઇએ. " આમ ખેડાની આ લડતે બહેનોના સાથ સહકારની વ્યાપક સ્વરૂપ ધર્યું.

સાધેસરમાં મહાત્મા ગાંધીજીનું સત્યાગ્રહનું ભાષણ સાંભળવા ખેડૂતો જોડે ૩૦૦ ખેડૂત બહેનો હાજર થઇ હતી. ક્વચિત મેળાઓમાં જ સાથ આપતી ખેડૂત બહેનો સામુદાયિક હિત માટે જ્યારે ઘરની બહાર નીકળે છે ત્યારે તેની દૃષ્ટિ વિશાળ બને તે સ્વાભાવિક છે.

મધરાતે ઊઠીને ઢોરને પંપાળતી સ્ત્રીઓ તેની કનડગત ન જોઇ શકે, પોતાની ઘરવખરીની હરાજી થતી જોઇ તેમના ટાંટિયા ગળી જાય તો તે પુરુષોની ટેક પણ વધુ દિવસ

ટકવા દે નહીં, એટલે ગાંધીજીએ ખેડાની પ્રજાને પહેલેથી જ ચેતવણી આપી હતી કે, "આ સત્યની લડતમાં સ્ત્રીઓને તમારી પડખે રાખો."

જ્યારે સાવ, ફરિયાદ કરવા માટે કચેરીના બારણા બંધ થયા ત્યારે પણ ખેડાની સ્ત્રીઓએ પીછેહઠ કરી ન હતી. ખેડાની આ લડતે ફક્ત ખેડાની ખેડૂત બહેનોએ, ખેડામાં જ નહીં પરંતુ સમસ્ત ગુજરાતી નારીજગતમાં પતિવ્રતનો જ અર્થ આપ્યો. પતિ સાથે સુખની સોડ તજી કપરા કષ્ટો ઝીલવામાં આનંદ માણતી એક નહીં હજારો સીતાઓને જન્મ આપ્યો. ગાંધીજીના માર્ગદર્શન સ્થળે સ્ત્રી નેતાઓએ સુધારાનો નાદ અત્યાર સુધી ભુલાઇ ગયેલા ગામડાઓમાં પણ જગાડ્યો. ચાલતી રૂઢિયો સારી કે ખોટી તેની ચર્ચા ગામડાને પાણી શેરડે પણ થવા લાગી. આ વખતે સ્ત્રીઓનો ફાળો હજી તેમનાં પુરુષ વર્ગને જોમ આપવા પૂરતો જ મર્યાદિત હતો.

અંગ્રેજ સરકારે રોલેટ કાયદો જાહેર કર્યો, મુંબઇ મિલમાં હડતાલ પડી. આ હડતાલમાં કામદાર વર્ગના સ્ત્રી-પુરુષોની સંખ્યા સવા લાખ જેટલી થઇ ગઇ. આ એકટ સામે ઝુંબેશ ચલાવવા, ગાંધીજીએ સત્યાગ્રહ લીગ સ્થાપ્યું.

"જલિયાંવાલા બાગ" હત્યાકાંડ વખતે પણ જનતાએ વિરોધ ચળવળ ઉપાડી હતી. આસામ, બંગાળમાં રેલ્વેના કામદારો હડતાલ પર ગયા. મિદનાપુરમાં કર નહીં ભરવાની લડત ચાલી. પંજાબમાં શીખ જનતાની અકાલી ચળવળ શરૂ થઇ. આ સર્વે લડતોમાં મહિલાઓ પુરુષોની પડખે આવી ઊભી રહી હતી.

અસહકારની લડત વખતે ખેડાની ખેડૂત બહેનોએ શીખવેલ બોધપાઠ અમલમાં મૂકવાનો શહેરી બહેનો પાસે અવસર આવ્યો ત્યારે સેંકડોની સંખ્યામાં બહેનોએ સભામાં હાજરી આપી.

સ્વદેશી અને દારૂબંધીનો ગાંધીજીનો મંત્ર સાંભળ્યો. સુરતની આગ વખતે ઓઝલમાં રહેલ બહેનો, ખોજા અને વહોરા કોમની સ્ત્રીઓના જીવનમાં હવે નવો રસ આવ્યો, બારી આડે ઊભી રહી તે ખિલાફતમાં તરવરિયા લડાયક સ્વયંસેવકોને આદરપૂર્વક નિહાળતી થઇ. મુસ્લિમ નારીઓ છૂટથી ખુલ્લે મોંએ સભાઓમાં જતી. હિંદુ સ્ત્રીઓને જોઇ પોતાની પછાત દશા જોડે સરખાવતી. મુસ્લિમ કોમ હજુ વેપાર, ઉદ્યોગ તેમજ શિક્ષણમાં હિંદુઓ કરતાં ઘણી જ પછાત હતી. તેની અસર મુસ્લિમનારીના સામાજિક જીવન પર પણ થતી.

પરિવર્તન બહારથી તો નજીવું જ દેખાતું હતું પણ તેની પાછળ રહેલી ઊંડી પ્રેરણા હતી, સ્ત્રીસ્વાતંત્ર્યની, શારીરિક ટાપટીપ, ફેશનેબલ વસ્ત્રો, રૂઢીચુસ્ત દાદી, વડદાદીઓ સામે ઝીલવી પડતી ટક્કર, શાળામાં દાખલ થતી હિંદુ બાળા જેટલી જ હતી. તૈયબજી કુટુંબ જેવા સુધારક ઘરની સ્ત્રીઓએ પડદો છોડ્યો. સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ વધ્યો. દેશભરમાં ખિલાફત અને અસહકારની લડતનો જુવાળ પૂર જોશથી ફેલાતો હતો ત્યારે ગાંધીજીએ બહેનોને રેંટિયાની પ્રવૃત્તિ ચલાવવા કહ્યું, કેટલીક બહેનોએ તેમાં ભાગ લીધો. બારડોલી સત્યાગ્રહ વખતે એક ચૌદ વરસની બાળકીએ સરદારને આવકાર આપતાં કહેલું, અમારા રવિશંકરભાઇને સરકાર પકડી

ગઇ તેથી અમે દિલગીર તો જરૂર છીએ, પરંતુ ડરી ગયા નથી અમને આ જેલ-યાત્રાઓ વધારે મજબૂત બનાવી રહી છે.

સામુદાયિક સત્યયુદ્ધના જોશમાંથી આ અનેક બાલ-વીરાંગનાઓ ખડી થઇ. સરકારની દમન નીતિ ખેડૂતોમાં અરેરાટી ન ફેલાવી શકી અને ખેડૂતોમાં હિંમત આવી તેનું ઘણું શ્રેય સ્ત્રીઓના ફાળે જાય છે. બારડોલીની સ્ત્રીએ મૃત્યુ સમયે પણ ભાગવત કે ઘરના માણસોને બદલે સત્યાગ્રહને સંભાર્યો હોય એવા દાખલાઓ ઇતિહાસને પાને સુવર્ણ અક્ષરે નોંધાયા છે. બારડોલીની લડત વખતે શારદાબેન મહેતાએ અનેક સભાઓ ભરી, બારડોલીની છાવણી સંભાળી હતી.

સન. ઇ.સ. 1921માં અસહકારે સમસ્ત હિંદને સાંકળતું દેશભક્તિનું એક નવું પ્રતિક આપ્યું તે -ખાદી. ખાદીધારી પારસીનારી મીઠુબેન અવિશ્રાંત ગામડાં ખૂંદી નારી ચેતનાને જગાવતા. ભક્તિબા દેસાઇ પણ નૂતન જાગૃતિનો સંદેશો પહોંચાડવા ગામડાઓમાં ધૂમી રહ્યા. આ સિવાય મણીબહેન પટેલ, વગેરે અનેક બહેનો યથાશક્તિ મદદ કરતા. ગવર્નર પાસે જે મંડળ ગયું તેમાં શ્રી શારદાબહેન, શ્રી મીઠુબહેન અને શ્રી ભક્તિબા પણ હતાં. ગાંધીજીએ ચલાવેલી સામાજિક ક્રાંતિને માર્ગે પણ સ્ત્રીઓ ઠીક ઠીક આગળ વધી.

સ્ત્રીઓની સભાઓમાં ફક્ત લડત વિષે નહીં પણ બીજી અલક-મલકની વાતો પણ થતી. શહેરની બહેનોને જોઇ ગામડાની બહેનોને પણ કુતૂહલ જાગતું. અને એમાંથી જીવનના અસંખ્ય સવાલોના નવા જવાબો પણ મેળવતી થઇ. અને સ્ત્રી સ્વાતંત્ર્યના માર્ગે આગળ વધતી ગઇ. અંગ્રેજ સરકારે ઠોકી બેસાડેલ સાયમન કમિશન વિરુદ્ધ આવેલી લડત વખતે શહેરી મહિલાઓ કાળા વાવટા લઇ નીકળતી. નિશાળે જતી બાળાઓએ પોતાના પાઠ્યપુસ્તકોમાંથી શહેનશાહ પંચમ જ્યોર્જના ફોટા ફાડ્યા. રાણી વિક્ટોરીયા અને મેરી પર મૂછો ચિતરી. બાળહૃદયે પણ આવો રોષ ઠાલવ્યો.

નમક સત્યાગ્રહ વખતે વિદ્યાર્થીઓએ શાળા-કોલેજો છોડી નાની બાળાઓ વાનર સેનામાં દાખલ થઇ, વિદેશી રમકડાં પર પિકેટીંગ કર્યું. સ્વરાજ ન મળે ત્યાં સુધી ચા-સાકર ન લેવાના વ્રતો લેવાયાં. બહેનોએ ઘરઆંગણે મીઠું પકવ્યું. સરોજિની નાયડુ પણ મીઠું વેચી ફાળો ઉઘરાવતા. હજારો વહુઆરુઓએ ઘૂમટા છોડયા તો પણ વડીલો નારાજ ન થયા. દારૂના પીઠા પર ગલીચ ગાળો અને અડપલાઓ સહી સ્ત્રીઓને પિકેટીંગ કર્યું. મહોલ્લે મહોલ્લે વિદેશી વસ્ત્રોની હોળીઓ સળગી. સ્વદેશીના ગરબા ગવાયા. પરોઢિયે ચાર વાગે ઊઠીને પ્રભાતફેરીઓમાં ભાગ લઇ સ્ત્રીઓએ સ્વાતંત્ર્યના ગીતો ગાયાં.

સ્વદેશી મંત્રે પરિવારમાં શિસ્ત આણી, બપોર-સાંજ હાથમાં તકલી લઇને હજારો સ્ત્રીઓ દેશની સમસ્યા વિષે માહિતી મેળવવા સભાઓમાં હાજર રહેતી. રાજકારણની ચર્ચાઓ કરતી. સ્ત્રીઓ સરઘસોમાં જતી, પોલિસ તેને રોકે તો દૂધ પીતા બાળકને ખોળામાં લઇ રસ્તામા જ અડિંગો નાખી રાતભર બેસી રહેતી. કારાવાસને આવકારતી. એક સ્વતંત્ર નાગરિક તરીકેની

જવાબદારીઓ અને શક્તિ આ બહેનોમાં આવી. હિંમતભેર દેશની સમસ્યાઓ ઉકેલવામાં પોતાનો ફાળો નોંધાવવા લાગી. બાપુજી પકડાયા ત્યારે મુંબઇમાં 5000 કામદારોએ હડતાલ પાડી ત્યારે તેને મોખરે પોતાના વર્ગનો લાલ ઝંડો લઇ સેંકડો, કામદાર બહેનોએ સ્વાતંત્ર્ય યુદ્ધમાં લોહી રેડી ઝળકતો ફાળો નોંધાવ્યો છે. શરૂઆતમાં સ્ત્રી આગેવાન ન હતી પણ જેમ જેમ તેનામાં જાગૃતિ આવતી ગઇ તેમ તેમ તેણે લડતના સૂત્રો પોતાના હાથમાં લઇ લીધા.

ત્યાર પછી જાગૃતિમાં વેગ આવ્યો. અંગ્રેજી નિશાળમંથી ભણીને બહાર નીકળેલ ગણીગાંઠી સુધારક કુટુંબની સ્ત્રીઓ પણ આ સ્ત્રીઓની ઉન્નતી કરવાના કાર્યમાં જોડાઇ. શ્રી વિદ્યાબહેન નિલકંઠ, તૈયબજી કુટુંબની બહેનો, શ્રી હમિદાબેન, શ્રીમતી ડોક્ટર વગેરે બહેનોએ શહેરોમાં લેડીઝ ક્લબ, કન્યાશાળાઓ, સિવણ-ભરત-ગૂંથણના વર્ગો, તથા પ્રોઢેશિક્ષણના વર્ગો જેવી પ્રવૃત્તિઓ કરી બહેનોને ઘર બહારની સ્ત્રીઓની પ્રવૃત્તિ વિષે જાગૃત કરી. આવી છૂટીછવાઇ પ્રવૃત્તિઓનું પહેલું સંગઠિત સ્વરૂપ ઇ.સ. 1927માં મળ્યું. એક અગ્રેજ મહિલાના પ્રયોગો વડે પહેલી અખિલ હિંદ મહિલા પરિષદનું પહેલું અધિવેશન જાન્યુઆરી તા. 5-8- સુધીમાં ભરાયું. તેમાં સ્ત્રી શિક્ષણના સવાલોને વિશેષ મહત્વ અપાયું.

આ પરિષદમાં ભાગ લેવા માટે ઉદારમતવાદી સુધારક કુટુંબોની જ સ્ત્રીઓ આગળ આવી. અમલદારો,વકીલો, ડોક્ટરો, અને જાહેરકાર્યકર્તાઓની પત્નીઓ તેમાં પ્રથમ વખત સામેલ થઇ. તે ઉપરાંત દેશી રાજ્યોની રાણીઓ પણ ઉચ્ચ સ્થાનો શોભાવવા હાજર થઇ. આ અધિવેશનનું બીજું સત્ર ભરાયું ત્યારે તેમાં બાળલગ્નને અટકાવવા શારદા-એક્ટને ટેકો અપાયો. તેમજ મધ્યસ્થ ધારાસભામાં સ્ત્રીઓને પ્રતિનિધિત્વ આપવાની માગણી પહેલી જ વાર સ્ત્રીઓ તરફથી રજૂ કરવામાં આવી.

જાહેર કાર્યક્રમોના અનુભવે સ્ત્રીને જણાયું કે પોતાની હાલત સુધારવા માટે જોઇતું બંધારણ ઘડાવવું હોય તો ધારાસભામાં સ્ત્રીઓએ પોતાનો અવાજ મક્કમતાપૂર્વક રજૂ કરવો જોઇએ. શ્રીમંત સન્નારીઓને જનઆંદોલન વિશેષ ખ્યાલ પણ ન હતો. ઇ.સ. 1930માં મહિલા પરિષદના ચોથા અધિવેશનમાં સ્ત્રીઓના વારસા-હક્કના સવાલ પર ચર્ચા વિચારણા થઇ. આજ અરસામાં સ્ત્રી કામદારોની હાલત અંગે એક તપાસ પંચ નિમાયું હતું. તેની સમક્ષ જુબાની આપવા મહિલા પરિષદ આગળ આવી. શહેરના એક ખૂણામાં મહત્વનું રાષ્ટ્રીય કાર્ય કરી રહેલી ગરીબ મજૂર બહેનો તરફ પરિષદે પહેલી જ વાર નજર નાખી.

આજ સુધી પોતાના ઘર-ગામની બહાર કદી ન ગયેલી બહેનો માટે હિંદભરમાં એક સાથે કોઇ પણ કાર્ય કરવું એ તદ્દન નવો જ અનુભવ હતો. સ્ત્રીઓના સંગઠનની તાકાત બતાવવા માટે પોતાની માંગણીઓ એક સાથે ઠેરઠેર રજૂ કરવાનો પરિષદે નિર્ણય કર્યો. ઇ.સ. 1931માં ભરાયેલ અધિવેશને તા. 1 માર્ચના દિવસને નારીદિન તરીકે ઉજવવાની હાકલ કરી.

મહિલા પરિષદની સ્થાપના એ જમાનાને અનુસાર શિક્ષણ અને સામાજિક સુધારાના કાર્યો માટે થઇ હતી. અને પરિષદનું બંધારણ પણ એ જ પ્રમાણે ઘડાયું હતું. અત્યાર સુધી

રાજકારણથી દૂર રહેલી પરિષદે ઇ.સ. 1932ના અધિવેશને રાજકારણમાં આડકતરો પ્રવેશ કર્યો. દેશના આર્થિક, સામાજિક, રાજકીય તથા જાહેર જીવનમાં સ્ત્રીઓને યોગ્ય સ્થાન અપાવવા માટે, તેમના હક્કોનું એક જાહેરનામું પ્રકટ કર્યું. ધર્મ કે નાત-જાતના ભેદભાવ વિના સ્ત્રીઓ નાગરિક અને રાજકીય હક્કો માટે અધિકારી હોવાની ઘોષણ કરવામાં આવી. તેને જાહેર નોકરી, સરકારી હોદ્દા, અને માન-સન્માનમાં પુરુષ સમોવડી ગણવાની માગણી કરવામાં આવી.

બ્રિટિશ નોકરશાહીને સ્ત્રીજાગૃતિનો જુવાળ ગમ્યો નહીં, તેના શ્વેતપત્રમાં આ માગણીઓ ઉપર ઠંડુ પાણી રેડવામાં આયું. મહિલા પરિષદે તેની બંધારણીય કાર્યનીતિ અનુસાર આશ્વેતપત્રનો કામચલાઉ સ્વીકાર કરી સાથોસાથ જ હક્કનામને વળગી રહેવાની ઘોણા કરી. અને લડત જારી રાખી. મહિલા જાગૃતિનું આ એક સીમા ચિહ્ન ગણી શકાય. ઇ.સ. 1932માં પરિષદના પ્રયત્નોને પરિણામે દિલ્હીમાં લેડી ઇરવીન કોલેજ ફોર વિમેન નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. યંત્રયુગમાં સ્ત્રી જીવનમાં આવેલ નવી જાગૃતિનું આ સંસ્થા એ એક નક્કર સ્વરૂપ હતું.

અસહકારની રાષ્ટ્રીય લડતોમાં ઝંપલાવેલી પરંતુ રચનાત્કમ રાજકારણમાં ન સમાઇ શકેલી મહિલાઓમાંથી કેટલીક પરિષદ તરફ વળી. આગેવાન મહિલાઓ અને રાજકીય કાર્યકર્તાઓ હવે સ્ત્રી ચળવળમાં આગેવાની ભર્યો ભાગ લેવા લાગ્યા.

રાજકારણથી દૂર ભાગતી પરિષદની નીતિમાં પણ હળવે હળવે ફરક પડવા લાગ્યો. તેમણે જોયું કે એક સ્ત્રી તરીકે તે જે સામાજિક આઝાદી માંગી રહી છે તે પણ આઝાદ હિંદ જ આપી શકે છે. સ્વતંત્ર ભારતની રૂપરેખા પણ કોતરાવા લાગી.

જે પ્રથા તેને પુરુષ સમોવડીનો દરજ્જો આપે અને તે ભોગવવાની સંપૂર્ણ તકો અને સગવડો આપે તે જ તેને મન આઝાદી. માત્ર સ્ત્રી હવાનું બહાનું આપી કોઇ તેના માર્ગમાં અંતરાયો ઊભા ન કરે તે મુદ્દા પર સર્વ મહિલા સમાજ એક હતો.

ઇ.સ. 1935માં પરિષદનું કાર્ય રેંટિયો, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતા નિવારણ, વગેરે દ્વારા ગામડાઓમાં પણ ફેલાયું. આ અરસામાં સ્ત્રી શિક્ષણથી માંડી સંતતિ નિયમન જેવા પ્રશ્નો પરિષદે હાથમાં લીધા. બીજી તરફ સ્ત્રીઓના મત્તાધિકારની વ્યાપકતા વધારવા માટેની ઝુંબેશ અવિરત ચાલુ રહી. ઇ.સ. 1938માં મહિલા પરિષદે પોતાનું મુખપત્ર 'રોશની' અંગ્રેજી ભાષામાં બહાર પાડ્યુ. પરિષદ ઉપરાંત કેટલીક મહિલાઓ મ્યુનિસિપાલિટીઓમાં કામ કરવા આગળ આવી.

પોતાના બાળક માટે, પતિ માટે, વિશાળ કાર્યક્ષેત્ર ખુલ્લું કરે તેવી આઝાદી માટે તેણે વર્ષો સુધી લડત, પોતાને માટે ચલાવી હતી. ઓસ્ટ્રેલિયા ખાતે ભરાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં હિંદ વતી શ્રી કપિલાબહેને જઇ ગૌરવભેર પોતાનો ફાળો નોંધાવ્યો હતો. નારી આંદોલનના અનુભવે ઘડેલ સ્ત્રીઓના મૂળભૂત અધિકારો અંગેનો ખરડો શ્રી હંસાબહેન મહેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્ત્રીસમિતિ સમક્ષ રજૂ કર્યો. આંતરરાષ્ટ્રીય નારી આંદોલને પણ તેને આવકાર આપ્યો.

આ રીતે આઝાદીની લડતમાં સ્ત્રીઓએ ખુલ્લા દિલથી આપેલ ફાળાની આજે કદર થઇ રહી છે. રાજકારણ, કોર્પોરેટ જગત, આર્મી, ખેલજગત, સાહિત્ય, પત્રકારિત્વ, ફિલ્મક્ષેત્ર, વગેરેમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અનેક બહેનો ઝળહળતી સિદ્ધિઓના શિખરો સર કરી રહી છે.

છતાં આજે એકવીસમી સદીમાં ભારતના નારીસમાજમાં હાઇપ્રોફાઇલ હત્યાકાંડો જેવા કે નિર્ભયા હત્યાકંડ, આરુષિ, શીનાખોરા, સુનંદામર્ડર કેસ જેવા અનિર્ણાયક ખટલાઓ માનસમાં ધૂમરાઇ રહ્યા છે.

'બેટી બચાવો' અભિયાન આખા દેશમાં જોરશોરથી ચાલી રહ્યું છે છતાં બેટી ત્યજવાના અને ભૃણહત્યાના બનાવો ચમકતા રહે છે.

શું ગાંધીજીનું હિંદુસ્તાન આ હતું?

માનવમાંથી ગાંધીજ મહામાનવ, વિશ્વમાનવ બન્યા. ગાંધીજી ગુજરાતમાં પાક્યા એ ખાલી નસીબની વાત નથી. વિનોબા કહે છે, એની પાછળ એક તત્ત્વ છે. ગુજરાત જ એક એવો પ્રદેશ છે જ્યાંના ખેડૂતો માંસાહાર છોડીને બેઠા છે. આખી દુનિયામાં બીજે ક્યાંય આમ જનતામાં આં જોવા મળતું નથી. આ જે અહિંસા છે તેને પરિણામે ત્યાં ગાંધીજી ઘડાયા જેણે દુનિયાને અજવાળી મૂકી.

હજારો વર્ષો પછી ગાંધીજીને વિષે હિંદુસ્તાન અને દુનિયાના લોકો આ માનશે.

ગાંધીજી જેવા રાજપુરુષ આપણા માટે રાજમાર્ગ કરી ગયા એ પંથે આપણે ચાલીએ તો ઘણી બધી સમસ્યાઓ નામશેષ થઇ જાય.

## સંદર્ભગ્રંથ સૂચિ


1. મોહનદાસ કરમચંદ ગાંધી, સત્યના પ્રયોગો, શાંતિલાલ શાહ, પૃ. 7,12, વર્ષ 1969.
2. મોહનદાસ કરમચંદ ગાંધી, કેળવણીનો કોયડો, જીવનભાણ ડી. દેસાઇ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, આ.1938
3. મહાત્મા ગાંધીજી, ગાંધી શિક્ષણ ભા.પ., સ્ત્રી સ્વાતંત્ર્ય, નગીનદાસ અમુલખરાય, મુંબઇ, પૃ. 1,2,8,11,12,14,16,19,20,21, વર્ષ 1923.
4. વર્મા જયપ્રકાશ- મહાત્મા ગાંધીજીનું વિઠ્ઠલભાઇ, આશારામ, વડોદરા, ઇ.સ. 1922
5. રમણલાલ ચુનીલાલ, ભારતનું ઘડતર ભાગ-1, રમણલાલ ચુનીલાલ લવણ સત્યાગ્રહ અગિયારી લેન મુંબઇ,, પૃ. 6,8,45,226,253,257 1930.
6. ગાંધી મોહનલાલ કરમચંદ, ત્યાગમૂર્તિ અને બીજા લેખોસામાજિક લેખનો સંગ્રહ- નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. 172,173,174,175,178,179,11,182,184,186,190,191 આ.4.
7. ગાંધી શાંતા- ગુજરાતણને પગલે પરમસુખ પંડ્યા- 1948, એન.મ. ત્રિપાઠી લિ. મુંબઇ, પૃ. 92,93,96,97,98,99,100,101,103,104,105,106,111,112,113,114,119,120,121,122,128,129,130,131,132 ,138,175.
8. દેસાઇ નારાયણ- ભૂદાન આરોહણ- પ્રબોધ ચોકસી- યજ્ઞપ્રકાશન સમિતિ- ઇ.સ. 1956, વડોદરા, પૃ. 29.